| | |
|---|---|
| PUBLICATION NAME : | Sandesh (City Life) |
| EDITION : | Ahmedabad |
| DATE : | 13/08/2022 |
| PAGE: | 3 |


### રિસર્ચ પેપર રજૂ કરનાર EDIIનાં પ્રોફેસર ડો. સંજય કુમાર મંગલાએ કહ્યું,

# એશિયા પેસેફિક ક્ષેત્રની આર્થિક વૃદ્ધિમાં ભારત મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે

## આંતરરાષ્ટ્રીય ફોરમમાં ૧૫ દેશોમાંથી EDIIનાં રિસર્ચ પેપરને એવોર્ડ અપાયો

**સિટી લાઇફ ।** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના ફેકલ્ટી મેમ્બર ડૉ. સંજયકુમાર મંગલા દ્વારા 'ડાયનામિક્સ ઓફ ઈકોનોમિક ઈન્ટિગ્રેશન ઈન એશિયા પેસિફિક: ફ્રોમ મલ્ટિલેટરલિઝમ ટુ બાઈલેટરલિઝમ' વિષય ઉપર લખાયેલા રિસર્ચ પેપરને એશિયા પેસિફિક ઈકોનોમિક ઈન્ટિગ્રેશન ફોરમ (એપીએસી ઈઆઈએફ) ૨૦૨૨માં બેસ્ટ પેપર તરીકે પસંદ કરાયું છે. આ પેપર એપીએસી રિજનમાં આર્થિક એકીકરણની બદલાતી સ્થિતિ હાઈલાઈટ કરે છે, વિવિધ મોટા ટ્રેડ કે ઈન્વેસ્ટમેન્ટ એગ્રીમેન્ટ્સની વિવિધ કલમોની સરખામણી કરે છે. એપીએસી ઈઆઈએફ કોન્ફરન્સમાં ૧૫થી વધુ દેશોએ ભાગ લીધો હતો, જેની થીમ 'નેક્ટિંગ ડોટ્સ ઈન એશિયા પેસિફિક ફોર રિયલાઈઝિંગ રિજનલ પોટેન્શિયલ ફોર ગ્લોબલ વેલ્ફેર' હતી.



ડો. સંજય કુમાર મંગલા

આ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ૫૨ રિસર્ચ પેપર્સ રજૂ કરાયા હતાં, જેમાંથી ડૉ. સંજયકુમાર મંગલા દ્વારા રિચા ગુપ્તા અને નિકિતા જૈન સાથે મળીને લખાયેલા પેપરને 'બેસ્ટ પેપર એવોર્ડ' એનાયત કરાયો હતો. આ અંગે વાત કરતા ડૉ. સંજયકુમાર મંગલાએ કહ્યું હતું કે, એશિયા અને બીજી જગ્યાઓમાં બદલાતા સંજોગો પ્રાદેશિક આર્થિક એકતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને બળ આપે છે. પ્રદેશના વિકાસમાં ભારત નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે અને એશિયા પેસિફિકની આર્થિક વૃદ્ધિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.